






મોંઘવારીની મોટી કબજીયાત જામી છે,
દેસે રેચ પટાવી-પટાવી ધૈર્ય થામી છે,
વામી ફટકાર સે ચાબૂક કરવેરાની-
ભાવ વધારો ડામવાની રીતમાં ખામી છે..




ફૂટી જાય છે,
કૌભાંડી ની કમાલે
કોંમ્પ્યુટ પણ..
(આવાસ ડ્રો)

'યુનીટી મૂર્તિ'
છોડી ને જતા રહ્યા-
નર્મદા વચ્ચે..
(વાતો નાં વડાં)

## ચિંતન

**નેતા યસ્ય વૃહસ્પતિઃ પ્રહરણં વજં સુરાઃ સૈનિકાઃ, સ્વર્ગા દુર્ગમનુગ્રહઃ કિલ હરૈરૈરાવતો વારણઃ ।**
**ઈત્યૈશ્વર્યનલાન્વિતોઅપિ બલમિદ્ભગ્નઃ પરૈઃ સંગરે, તદ્વ્યક્તં વરમેવ દૈવશરણં દ્વિગ્વિગ્વૃથાઃ પૌરૂષમ્ ॥**

સામાન્યતઃ કેટલાક લોકો માત્ર પુરૂષાર્થ પર જ પોતાનું ધ્યાન કેન્દ્રિત કરે છે તો કેટલાક લોકો માત્ર 'ભાગ્ય' પર શ્રધ્ધા-વિશ્વાસ રાખે છે-અહીં કવિ માત્ર 'દૈવ' ભાગ્ય-નશીબની જ તરફેણ કરે છે :

'બૃહસ્પતિ-ગુરૂ જ જેનો સંચાલક-નિયામક છે અને વજ જેનું હથિયાર છે, દેવો જ જેના સૈનિકો છે અને સ્વર્ગ જ જેનો કિલ્લો છે, ભગવાન વિષ્ણુની સદાય-સતત જેના પર કૃપા છે, ઐરાવત જેવો હાથી જેનું વાહન છે-આવા સમૃદ્ધ બળવાન અને સામર્થ્યવાળા-ઐશ્વર્ય અને સશકત હોવા છતાં ઈંદ્ર યુદ્ધમાં શત્રુઓથી પરાજય પામી ભાગી ગયો.'

આના પરથી સાબિત થાય છે કે પુરૂષાર્થ અને શકિત હોવા છતાં જો 'ભાગ્ય' દૈવ-નશીબનો સહકાર ન હોય તો કોઈ કામ સફળ થતું નથી-માટે નકામા 'પુરૂષાર્થ'ને ધિક્કાર છે.

'પ્રારબ્ધ કે પુરૂષાર્થ?' એ હંમેશાં ચર્ચાનો વિષય રહ્યો છે-માણસ કર્મને અધીન છે કર્મ કોઈ પણ આસકિત-આકાંક્ષા-ફળની અપેક્ષા વિના કરવું જોઈએ-ભાગ્ય એ ઈશ્વરીય આશીર્વાદ આસ્થાનો વિષય છે-નિષ્કામ રીતે કરેલું કર્મ જરૂર પરિણામ આપે જ છે.

## સુવિચાર

- એકાંતનું મંદિર હોય, મૌનનો ઘુમ્મટ હોય ત્યાં આનંદની ધજા સદાયે ફરકતી રહે છે
**- સુરેશ દલાલ**
- સંસારનો સૌથી સુખી માણસ એ છે જે પોતાના ઘરમાં જ પરમ શાંતિ અનુભવે છે
**- જ્ઞાનસૂત્ર**
- આજનાં લોકોમાં જ્ઞાન તો છે પણ ભાન નથી કેમ કે આપણે જાણીએ તો ઘણું છે પરંતુ સમજતા નથી **- રાજચંદ્ર**
- આ જગતમાં ધ્યાનથી જોશો વિચારશો તો જણાશે કે સમસ્યાઓની અંદરથી જ નવી તકો આકાર લઈ રહી છે **- એસ. ભટ્ટાચાર્ય**
- મતભેદ એક એવી ઉધઈ છે કે જે ધીમે ધીમે મન સુધી પહોંચીને લાગણીઓને કોતરી નાખે છે
**- ધર્મસૂત્ર**
- દરેક માણસમાં કંઈક તો ખામી હોય છે જ, જો કોઈ ખામી વિનાનો મિત્ર શોધવા જાય તો તે મિત્ર વિનાનો રહે **- જનકલ્યાણ**
- ઈશ્વરના ચોપડામાં આપણું બોલેલું કે વાંચેલું નહીં પરંતુ આપણું કરેલું નોંધાય છે
**- મુનિ વિજયચંદ્ર સુરીશ્વરજી**

**(સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

ઘટના-બનાવ-પ્રસંગ એક જ હોય છતાં નકારાત્મક દૃષ્ટિ ધરાવનાર વ્યકિત એને પોતાની રીતે મૂલવે છે અને હકારાત્મક દૃષ્ટિથી જોનાર એ જ પ્રસંગમાંથી પ્રેરણા-પ્રોત્સાહન પામે છે.

બે રાત વચ્ચે એક જ દિવસ જોનારા નકારાત્મક દૃષ્ટિવાળા છે બે દિવસ વચ્ચે એક જ રાત જોનારા હકારાત્મક દૃષ્ટિવાળા છે અર્ધો પ્યાલો કોઈ અર્ધો ખાલી દેખાય કોઈને અર્ધો ભરેલો!

બે યુવાન ભાઈ હતા-એક દારૂડિયો અને કજીયારો હતો ઉધારા કજીયા લઈ બધા સાથે વેર બાંધતો-મારા મારી-કેસ કબાલા એને માટે રોજનું હતું.

બીજો ભાઈ શાંત, ઝગડાથી દૂર રહેનાર અને સૌને મદદરૂપ તો. કોઈએ મોટાભાઈને પૂછ્યું તારા આવા સ્વભાવ પર કોની અસર છે?

મોટાએ જવાબ દીધો-મારા પિતાની, એ પણ પિયક્કડ હતા-મારી માને મારતા અને અડોસપડોસમાં ઝગડા કરતા!

એ જ વ્યકિતએ નાના ભાઈને પૂછ્યું તારો સ્વભાવ શાંત અને પરોપકારી છે તારા પર કોની અસર છે? નાનાએ જવાબ દીધો-'મારા પિતાની'. એ જયારે દારૂ પી તોફાન કંકાસ કરતા ત્યારે હું મકકમ મને એવું વિચારતો હું મારા જીવનમાં આવું કદી નહીં કરું!!

વ્યકિત તો એક જ પિતા હતા પણ બંને ભાઈઓના અલગ દૃષ્ટિથી પ્રેરણામૂર્તિ થયા.

Email - sureshchandrabhatt18@gmail.com

# સો વાતની એક વાત છે - કોઇ એક પુરૂષને કોઇ એક સ્ત્રી પાસેથી માતા રાખે તેવી કાળજી પણ જોઇએ છે, એકલી કાળજીથી પુરૂષને તૃપ્તિ થતી નથી, એને તો વસંતઋતુની 'જીવંતતા', 'ગતિ' અને પ્રવાહ જોઇએ છે!

## હું રસ્તે રઝળતી વારતા

**- અચના કમલેશ**

વસુધાની જિજ્ઞાસા તીવ્ર છે. એ સાંભળવા માટે ઉત્કંઠા સેવે છે. સંવેદનશીલ છે અને પ્રણય ભંગની વેદના સહન કરી ચૂકી છે. એટલે કોમળ બની ગઇ છે. એની કોમળતા પોચટતા નથી. પોપટ બની હારી જાય એવો એનો આત્મા નથી. એનો આત્મા બળવાન છે. એનું ભીતર ઉર્જાથી ભરેલું છે. એક પ્રણયભંગનો આઘાત સહન કરી સક્ષમ બની છે એટલે બીજા પ્રણયથી એ સ્વસ્થ છે. એનો દેખાવ અતિ સુંદર નથી, પણ એના નાકના ટેરવે ને વિસ્ફરિત આંખોમાં કશુંક જાણવાની જિજ્ઞાસા એક તેજ એક પ્રકાશરૂપે છે. તેથી તેની ત્વચા તગતગે છે. એના પ્રત્યે કોઇને પણ આકર્ષણ થાય કે ન થાય પણ એના સંપર્કમાં આવનાર એની અવગણના ન કરી શકે. એ પોતાના ઘરમાં જિદ્દી છોકરી તરીકે ઓળખાય છે. શ્યામ (એના પતિ) ના છાયામાં એ સુખી લાગે છે. એ જૈન છે, પણ કર્મકાંડી ચુસ્ત અને જડતાની નજીકની દૃઢતા ધરાવતી નથી!

વાત વાતમાં એ પ્રશ્નો કરે છે પ્રશ્ન કરે ત્યારે એના આખાય ચહેરા પર જિજ્ઞાસાનું તેજ પ્રસરી વળે. એના પ્રશ્નમાં જિજ્ઞાસા તો છે જ પણ એક ગાંભીર્ય છે. એના પ્રશ્નનો કોઇ ઉડાઉ જવાબ, એની આ જિજ્ઞાસા અને ગંભીરતાના કારણે ન આપી શકે!

'એવું શા માટે બને છે કે કોઇ પુરૂષની પત્ની સર્વાંગ સુંદર હોય, એના દાંપત્યજીવનમાં ગણનાપાત્ર દુઃખ ન હોય છતાંય એ પુરૂષ અન્ય સ્ત્રી તરફનું આકર્ષણ અનુભવે. પોતાની પત્નીનો કોઇ દેખીતી દોષ ન હોય, કોઇ વાંક ગુનો ન હોય તોય તેને છોડી દેવાની, છોડી જવાની હદ સુધી પેલો પુરૂષ શા માટે જાય છે! પોતાના જ પ્રેમમાં પરિણામરૂપ સંતાનોનો પણ વિચાર કરવા એ રોકાતો નથી. એ તો ઠીક, સમાજનો સાધારણ ડર શરૂઆતમાં ઓને પરસ્ત્રી પ્રત્યેના આકર્ષણ આડે આવે છે. પણ પછી તો એ ડરનો સામનો કરવાની હિંમત કેળવી લે છે. આ ઘટનાનું રહસ્ય શું છે?' વાત વાતમાં એણે ઊભા કરેલા પ્રશ્નનો ઉત્તર મારા મનમાં એક ઝબકારાથી જાણે કે મને મળી ગયો.

સામાન્ય રીતે મારી સામે કોઇ પ્રશ્ન કરે, મારા મનમાં કોઇ પ્રશ્ન થાય તો હું તેનો ઉકેલ કોઇ સાહિત્યકારની કૃતિમાંથી પામવાનો પ્રયત્ન કરું.

વસુધાનો પ્રશ્ન મને સમજાય છે. એનો ઉત્તર રવિન્દ્રનાથ ટાગોરની લઘુનવલ 'દુઇબોન' માં છે : રવિન્દ્રનાથની, એક સર્જક તરીકે નારી ચિત્રને સમજવાની શક્તિ એમના ત્રીજા કલ્પના નેત્રનો પ્રતાપ છે.

રવિન્દ્રનાથ માનવમનને એના અનેક રૂપે સ્વરૂપે સમજે છે, એટલે જ માનવમન પ્રેરિત માનવ સંબંધોને પણ તેઓ બરાબર સમજે છે. 'બે બહેનો' લઘુનવલના પ્રારંભમાં જ એક જ્ઞાનપૂર્ણ વિધાન તેઓ ટાંકે છે, તેઓ લખે છે.

'કોઇ કોઇ વિદ્વાન પાસેથી મેં એવું સાંભળ્યું છે કે, સ્ત્રીઓ બે જાતની હોય છે. એક જાત મુખ્યત્વે માતા હોય છે, બીજી પ્રિયા હોય છે. જો ઋતુની સાથે સરખામણી કરીએ, તો માતા એ વર્ષાઋતુ છે. જલદાન કરે છે, ફલદાન કરે છે, તાપનું નિવારણ કરે છે, ઉપરથી પોતાના કરૂણાના ઝરણાં વહેવડાવે છે, શુષ્કતા દૂર કરે છે, અભાવ પૂર્ણ કરે છે અને પ્રિયા એ વસંતઋતુ છે. એનું રહસ્ય ઊંડું હોય છે, એનો માયામંત્ર મધુર હોય છે. એનું ચાંચલ્ય લોહીમાં તરંગ જગાડે છે. ચિત્તના મણિમંદિરમાં પહોંચી જાય છે, જયાં સોનાની વીણાનો એક અટૂલો તાર નીરવ પડી રહ્યો હોય છે. ઝંકારની અપેક્ષામાં જે ઝંકાર આખા દેહ અને મનમાં અનિર્વચનીય વાણી રણઝણી ઊઠે છે.'

આ નવલકથામાં શશાંકની પત્ની શર્મિલા માના વર્ગની છે, એ ખૂબ કાળજી રાખે છે. શશાંકે નોકરી છોડી સ્વતંત્ર ધંધો શરૂ કરવો છે. નોકરીમાં અપમાન થયું હતું. એનું દુઃખ જેટલું શશાંકને હતું તેના કરતાં વધારે શર્મિલાને હતું. એટલે એ શશાંકને પ્રેરણા સાથે પોતાના ગણાય તેવા પૈસા આપવા પણ તૈયાર થાય છે. શશાંકને ભાગીદારીમાં ધંધો કરવો છે, પણ ભાગ ઘાલવા જેટલાં નાણાં નથી. શર્મિલા કહે છે 'આપણી પાસે કશું જ કમ નથી. તમે જાણો છો કે બાપા મારા નામે બેંકમાં જે રૂપિયા મુકી ગયા છે, તેમાં વ્યાજ ઉમેરાયા જ કરે છે. એ નાણાં શશાંકને આપી દેવાનો આગ્રહ શર્મિલા રાખે છે તો શશાંક કહે છે. તારા પૈસા મારાથી લેવાય ? એ રૂપિયા તો તારા કહેવાય? એવું કહી શશાંક બહાર જતો હતો તેને શર્મિલાએ પકડી ખેંચી, બેસાડીને કહ્યું,'હું યે તમારી જ છું તો' પછી શશાંક બાંધકામના ધંધામાં ગળાડૂબ કહો, નખશિખ ડૂબી જાય છે. શર્મિલા બિમાર પડે છે. એની બહેન ઊર્મિમાલા શર્મિલાની સેવા કરવા આવે છે અને સાથે રહે છે. એ નર્યા વસંતનો અવતાર છે. એક તબક્કે શશાંક ઊર્મિમાલાના વાસંતી હવાના સ્પર્શથી ધંધામાં ધ્યાન આપી શકતો નથી. દેવું થઇ જાય છે. ઊર્મિમાલાના વિવાહ તો નિરદ જોડે થઇ ગયેલા છે, પણ એ વિદેશ તબીબ થવા ગયો છે ને ઊર્મિમાલાના વાસંતી તરંગોની એને કંઇ દરકાર નથી! દાકટરી વિદ્યાના સાત સમુદ્રમાં રાતદહાડો તર્યા જ કરે છે. એની ઉંમર નાની છે તોય લહેયસહેય કશાથી એનું મન લગારે ચળતું નથી.

આ ઊર્મિમાલા કેવી છે? રવિન્દ્રનાથ વસંતના એ અવતારને વર્ણવતા લખે છે : ઊર્મિમાલા દેખાવમાં જેટલી સારી હતી તેનાથી વધુ સારી હતી. તેના ચંચળ દેહમાં મનની ઉજ્જવળતા ઝંકાર કરી ફરી વળતી. દરેક વિષયમાં તેને જિજ્ઞાસા હતી. સાયન્સમાં જેમ તેમનું મન ચોંટતું હતું તેમ સાહિત્યમાં પણ ચોંટતું હતું - બલકે કંઇક વિશેષ. મેદાનમાં ફૂટબોલ જોવાનું તેને ખૂબ ગમતું હતું, સિનેમા જોવામાં તેને કંઇ હલકું નહોતું લાગતું. પ્રેસીડેન્સી કોલેજમાં કોઇ વિદેશી ભૌતિકશાસ્ત્ર ઉપર વ્યાખ્યાન આપવા આવ્યું હોય તો તે સભામાં પણ તે જાય જ! રેડિયો સાંભળવા પણ કાન માંડે છે, કદાચ છટ્ કરી ઊઠે છે, પણ કુતૂહલ કંઇ ઓછું નથી! વર પરણવા જતો હોય અને ઢોલ વાગતાં સંભળાય એટલે એ ઓટલે દોડી જાય છે. ઝીઓલોજીકલ ગાર્ડનમાં વારંવાર ફરવા જાય છે. ત્યાં તેને મજા પડે છે. ટેનિસ રમે છે. બેડમિન્ટન રમવામાં એ પોતે ઉસ્તાદ છે. તે તન્વી હતી. સંચારિણી લતાની પેઠે સહેજ હવા લાગતાં જતે હાલી ઊઠવી. તેનો પોષાક સ્વાભાવિક રીતે જ સુઘડ હતો. સાડીને અહીં તહીંથી સહેજ સાજે ખેંચી ઢીલી કરી, લપેટી, તંત્ર કરી શી રીતે શરીર પર અધિક શોભતી કરી શકાય અને છતાં એની કોઇને સમજ ન પડે, એ તે બરાબર જાણતી નથી. એને કદી વાતમાં વિષય ખૂટતા નહોતા, હસવા માટે કારણની રાહ જોવી પડતી નહોતી, સાથ આપવાની એનાંમાં અખૂટ શક્તિ હતી. જયાં રહે ત્યાં એકલી જ ઘર ભર્યું ભર્યું કરી મૂકે. 'નિરદ તો ભારે શિસ્તબદ્ધ, માણસે પતંગિયા જેવા નહિં પણ મધમાખી જેવા થવું જોઇએ. દરેક વ્યયનો હિસાબ રાખવા જોઇએ. જીવન કંઇ વિલાસ માટે નથી અજબ દૃઢતા એની મૂડી હતી. એકાગ્ર તો એવો કો તીરની ગતિની જેમ ધાર્યા સ્થળે જ જાય. મોજમજા, તમાશા, ખેલકૂદ બધું બંધ.' નિરદ હંમેશા એને દોર દોર જ કરે છે. કદી પણ મને જીતવાનો પ્રયત્ન કેમ કરતો નથી. લાગણી વેડા તો ઠીક, લાગણીય જાણે એના શ્વાસઉચ્છવાસમાં વરતાતી નહોતી.

નિરદ વિદેશમાં કોઇકને પરણી જાય છે. શર્મિલાનાં ઘરને વેગળું મુકી એ સારી થતાં ઊર્મિમાલા નિરદે આપેલી વિવાદ વીંટી ફગાવી ભિખારીને બારીએથી દાનમાં આપી, બાપુના આદેશ મુજબ વિદેશના માર્ગે ડોકટર થવા ઊપડી ગઇ!

સો વાતની એક વાત છે - કોઇ એક પુરૂષને કોઇ એક સ્ત્રી પાસેથી માતા રાખે તેવી કાળજી પણ જોઇએ છે, એકલી કાળજીથી પુરૂષને તૃપ્તિ થતી નથી. એને તો વસંતઋતુની 'જીવંતતા', 'ગતિ' અને પ્રવાહ જોઇએ છે!

પ્રકૃતિમાંય વર્ષાઋતુ પછી વસંતઋતુ આવે છે, વસંતઋતુ પછી વર્ષા આવે છે - બંને ઋતુ એકીસાથે તો હોય નહિં! પુરૂષ કે સ્ત્રી જો માત્ર પ્રાકૃતિક પ્રાણી હોય તો એ વસંત-વર્ષાના એક પછી એક એમ આવવા જવાના ક્રમને સ્વાભાવિકપણે સ્વીકારી લેત! પણ માણસ જેનું નામ તે તો પ્રાકૃતિક છે જ, પણ એ સાંસ્કૃતિક બની જવા માટેય મથામણ કરે છે. પ્રકૃતિ એટલે સ્વૈર વિહાર, ચંચળતા, ગતિ અને સંસ્કૃતિ એટલે સંયમ, દઢતા, સ્થિરતા - આ રીતે ગતિ અને સ્થિરતા બંને એકી સાથે સિદ્ધ કરવા મથનારે તો 'સ્થિર ગતિ' અને 'ગતિશીલ સ્થિરતા' સિદ્ધ કરતા શીખવું રહ્યું!

# ઊંચા અભિલાષ સાથે શબ્દ ઉપવનમાં અજબ નશાની મહોબ્બતની મધુશાલામાં રચાયેલી અરમાન જગવતી ગઝલો

## શબ્દ સમીપે

**- નટવર હેડાઉ**

"અરમાન જિંદગીના પુરાં થાય તો ઘણું છે,
બે-ચાર પણ જો કામ સારાં થાય તો ઘણું છે."

મોરારી બાપુ તેમની રામકથામાં ગઝલની આ પંક્તિઓ રજૂ કરી શ્રોતાઓને ડોલાવતા હોય તેવા ગાંધીનગરના આ એક માત્ર કવિ ભરત કવિ 'ઊર્મિલ'નો પ્રથમ કાવ્ય સંગ્રહ 'અરમાન' સૌ પ્રથમવાર અને ૨૦૦૩માં પ્રગટ થયેલો. જે તેમને તેમનાં પિતાશ્રી અભયસિંહ ભાઇના પુનિત ચરણે અર્પણ કરેલો. આ સંગ્રહની તમામ રચનાઓ ગઝલ પ્રકારની છે. તેની પ્રસ્તાવનામાં રવિન્દ્ર ઠાકોરે લખ્યું છે કે સોનેટની જેમ 'ગઝલ' પણ ગુજરાતી સાહિત્યમાં આયાતી સ્વરૂપ છે. ગઝલનું મૂળ અરબી ફારસી ભાષામાં છે. ત્યાંથી તે ઉર્દૂ દ્વારા ગુજરાતીમાં આવી અને તેને આપણે અપનાવી લીધી. તેના લીધે આજની પેઢી માટે ગઝલ એક ખુબ જ લોકપ્રિય સાહિત્ય પ્રકાર બની ગયો છે. કોઇ નવોદિત કે સિદ્ધ કવિ એવો નહીં હોય જેણે ગઝલ પર હાથ અજમાવ્યો ન હોય. એટલે જ જાણીતા વિવેચક ચંદ્રકાન્ત ટોપીવાળા એ ગઝલને 'ગૃહઉદ્યોગ' તરીકે ઓળખાવી છે.

ગુજરાતી ગઝલે તેની સવાસો વર્ષ જેટલી યાત્રા પુરી કરી છે તેની આગેકુચ જારી જ રહી છે. પહેલાં એમ મનાતું કે ગઝલમાં 'ઇશ્કે મિજાજી' નું જ નિરૂપણ થાય. રતિલાલ નાયકના જોડણી કોશમાં પણ તેનો અર્થ 'સ્ત્રીના પ્રેમ, મૈત્રીની અને જવાનીની હકીકત આપતી કવિતા' એવો જણાવેલ છે. તે જોતાં ગઝલનો મૂળ વિષય દુન્યવી પ્રેમ ઇશ્કે હકીકી હશે પછી તેમાં સુફીવાદ આવ્યું છે. આજે તો આ સ્વરૂપમાં ખુબ જ વૈવિધ્ય આવ્યું છે અને નવી નવી કલમો એ તેને નવતર ઘાટ અને નવતર દિશા આપી છે. ગાંધીનગરમાં જ ગઝલકારોમાં કવિ ફિલીપ કલાર્ક, કિશોર જીકાદરા જેવા ગઝલકારોની ગઝલો કાઠું કાઢી રહી છે. તેમાં ભરત કવિની ગઝલો એ એક અલગ જ રીતે પોતાનું સ્થાન બનાવ્યું અને જાળવી રાખ્યું છે. એ વાતની પ્રતીતિ એ રીતે થાય છે કે 'અરમાન'ની આ ગઝલોની બીજી આવૃત્તિ - ૨૦૧૩માં પ્રગટ થઇ છે. કવિએ આ બીજી આવૃત્તિ મોરારી બાપુને અર્પણ કરી છે.




'અરમાન' ગઝલ સંગ્રહની પ્રસ્તાવના આપણા ગુજરાતી ભાષાના જાણીતા કવિ હરિકૃષ્ણ પાઠકે લખીને 'ઊર્મિલના ઉદ્ગાર' ને વધાવ્યા છે. તેમના મતે કવિની ગઝલોમાં એક ભાવનાશીલ, સમાજ પરસ્ત અને કર્મશીલ એવા માણસનો મેળાપ થતો લાગે છે. કવિનો અભિલાષ ઊંચો છે અને તેથી જ તેઓ અપેક્ષા સેવે છે કે -

"કાળ ના લોપી શકે શબ્દો ભલા
આપજે એવા અનોખા તું કવન"

તો આપણા લોક સાહિત્યના મર્મજ્ઞ દોલતભટ્ટ 'ઉઘાડ' માં ભરત કવિને બિરદાવતા લખે છે કે "ભૌતિક જીવનની કોઇ પણ ઘટનાઓને ચેતનાને સ્પર્શી જાય અને એ અનુભૂતીમાંથી જે શબ્દરૂપે પ્રગટ થાય તે સાહિત્ય. જે વાંચતા, વિચારતાં, વાગોળતાં આપણને અતીત અથવા વર્તમાન સાંસારિક સૃષ્ટિમાં વિહાર કરાવી જાય એવા સફળ સર્જનનો અહેસાસ કરાવતો 'અરમાન' કાવ્ય સંગ્રહ લઇને ભરત કવિ આવ્યા છે. તે સાથે સાથે આપણી ભાષાના જાણીતા કવિ પ્રવિણ ગઢવી તો 'મહોબ્બતની મધુશાલા' તરીકે આ ગઝલોને આવકારીને લખે છે કે 'ઊર્મિલ' ગઝલનો શરાબ સુરાહીમાં ભરી, શાકી બની, જામ લઇ મહેફિલમાં સૌની વચ્ચે આવ્યા છે."

વળી ભરત કવિની ગઝલો માટે 'અત્રતત્ર' શિર્ષકથી પ્રા. ચિનુ મોદી પોતાનો અભિપ્રાય વ્યક્ત કરતાં જમાવે છે કે આ સંગ્રહમાં કવિએ ગઝલની જેમ જ કેટલાંક ગીત પણ છાપ્યા છે. ગીત આ કવિને બહું વરેલું લાગતું નથી. ગઝલમાં છંદથી શરૂ કરીને ગઝલના વ્યાકરણ સાથે તેઓ રફિક કાફિયા સાચવે છે. અને ગઝલનાં છંદને લગભગ પ્રામાણિક પણે વળગી જાય છે.

ભરત કવિના ગઝલ સંગ્રહ 'અરમાન' વિશે જાણીતા વિવેચક પ્રા. નરેશ શુક્લ એ 'શબ્દ સૃષ્ટિ' સામાયિકમાં પરિચાયિકામાં તેનો પરિચય કરાવતાં લખ્યું છે કે 'કવિ સ્વરૂપોના માળખાને ધ્યાનમાં રાખવાને બદલે પોતે રજૂ કરવા ધારેલા વિચાર કે પ્રશ્નને વધુ ધ્યાનમાં લે છે. સમાજ પ્રત્યે સમર્પિત એવા આ કવિ સ્વાભાવિક જ સંવેદનશીલ છે. કવિને સમાજમાં રહેલી ગરીબી, શોષણ, અસમાનતા, ધર્મના નામે ચાલતાં બખડજંતર, ગંદુ રાજકારણ જેવા પ્રશ્નો અકળાવે છે ને એટલે એમની રચનાઓમાં ઘણીવાર એકની એક વાત થોડા શબ્દફેરે રજૂ થતી રહે તેવું પણ બને છે.'

અજબ નશાની ગઝલોમાં કવિ તરીકે નવા જતાં જાણીતા કવિ ફિલીપ કલાર્ક તેમને લાગણી અને પ્રેમના માણસ તરીકે ઓળખાવી તેમની જ ગઝલની શેરથી તેમનો પરિચય આપતાં જણાવે છે કે -

"પ્રેમની ભાષા અનોખી ઓર છે
શબ્દ મખમલ કાળજાની કોર છે."

ભરત કવિના તખલ્લુસ "ઉર્મિલ" અંગે ગાંધીનગર સાહિત્ય સભાના પૂર્વ મંત્રી છોટુભાઇ રાખશીયાએ પોતાના વિચારો વ્યક્ત કરતાં લખેલું કે 'તેમના મન અને હૃદયમાં ઊર્મિઓનું ઝરણું વહે છે. તેઓની રચના જોવા તેમનાં ઉપનામ 'ઉર્મિલ' પ્રમાણે પોતે ઉર્મિશીલ છે અને 'કાવ્ય તો છે ઉરભાવના' જેનાથી કવિનો સંગ્રહ સમૃદ્ધ બન્યો છે.'

લોક ગાયક ભીખુદાન ગઢવીને પણ કવિની પંક્તિઓ પોતાના પ્રોગ્રામમાં રજૂ કરવાનું ગમે છે કેમ કે તેમાં જીવન ઉપયોગી કહેવાયું છે.

દા.ત.

"લવલેશ મોતનો ડર મુજને નહિં સતાવે,
મહેફિલમાં ખોટ મારી વરતાય તો ઘણું છે."

(અનુસંધાન પાના નં. ૬ પર)

# આજનું શિક્ષણ : સર્વલક્ષી સમીક્ષા



## મોરપીંછના રંગ

**- ડૉ. કનૈયાલાલ ભટ્ટ**

આપણો દેશ ખેતીપ્રધાન દેશ છે. એવા વિધાનો આપણે અનેક વખત સાંભળી ચુકયા છીએ. પરંતુ આપણા દેશને શિક્ષણપ્રધાન દેશ બનાવવાની જરૂરિયાત બાબતે હવે આપણે સૌએ વિચારવું પડશે. આપણા વડાપ્રધાન ડૉ. મનમોહનસિંહે પણ કબુલ્યૂં છે કે શિક્ષણ જ ગરીબી હટાવી શકશે. બીજી પણ ઘણી-બધી સમસ્યાઓનો હલ શિક્ષણ છે. વિશ્વના અન્ય દેશો તરફ દષ્ટિપાત કરીશું તો ખ્યાલ આવશે કે ભારત કરતા સાવ નાના-નાના દેશોએ કેટલાં ટૂંકા ગાળામાં કેટલી લાંબી પ્રગતિ કરી નાખી છે તેની પાછળનું મુખ્ય કારણ છે 'શિક્ષણ' પછી એ શિક્ષણ આધુનિક ટેકનોલોજી હોય, મેડિકલ સાયન્સ હોય, એન્જિનીયરીંગ, કોમ્પ્યુટરનું હોય કે સાહિત્યનું હોય... શિક્ષણથી સમગ્ર માનવ અસ્તિત્વ વિકસે છે. જ્ઞાનથી-શિક્ષણથી વ્યક્તિમાં નિખાર આવે છે.

'શિક્ષણ'નો અર્થ માત્ર 'પુસ્તકો'માંથી કલાસરૂમમાં શિખવવામાં આવતું શિક્ષણ... એવો નથી. આપણે 'શિક્ષણ' શબ્દને થોડો વિસ્તૃત રીતે અવલોકીશું તો એમાં આપણને જન્મ... બાળપણ... ઉછેર... વાતાવરણ, કુંટુંબ આ બધું મહત્વનું લાગશે. જન્મથી મૃત્યુ સુધીની આપણી આખી જીવનયાત્રા દરમિયાન શિક્ષણ ચાલુ જ હોય છે. તેથી શિક્ષણનો અર્થ માત્ર શાળાકીય જ્ઞાન નહીં લેતા સમગ્ર જીવનના શિક્ષણનું મૂલ્ય અને એની મહત્વતા સૌ કોઈએ સમજવી જોઈએ.

સૌપ્રથમ જોઈએ તો આપણે જ શિક્ષણ પ્રત્યે ઉદાસીન છીએ. એનું કારણ કદાચ આપણી પોતાની સમજ હોઈ શકે. સરકાર પ્રાથમિક શિક્ષણને ફરજિયાત બનાવવા પ્રયત્નશીલ છે. પરંતુ એમાં પૂરી સફળતા મળતી નથી. વળી ગરીબ-ખેડૂત લોકો પોતાના બાળકોને શાળાએ મુકવા ઈચ્છે છે પણ સરકારી શાળાઓમાં શિક્ષકોના પ્રશ્નો અને ખાનગી શાળાઓની શિક્ષણ ફી વધારે લાગે છે.

આપણી આજની શિક્ષણ પ્રથા પણ બદલવાની તાતી જરૂરિયાત છે. આ વિષય પર આપણા ઘણા શિક્ષણવિદો, વિચારકો અને સાહિત્યકારોએ લેખો લખ્યાં છે. પરંતુ હજી સુધી પરિવર્તનની દિશા ખૂલી નથી.

આખું-આખું વર્ષ... શાળાએ, ટ્યુશન કલાસ, શિક્ષણ કલાસ અને ઘેર તનતોડ મહેનત કરતા વિદ્યાર્થીઓનું આખા વર્ષનું... આખી જિંદગીનું ભાવિ માત્ર પરીક્ષાના ત્રણ કલાકમાં સમાયેલું રહે એ કેવું કહેવાય ? ધારો કે ધોરણ-૧૦ કે ૧૨ની પરીક્ષા વખતે જ કોઈ વિદ્યાર્થીની તબિયત બગડે એક-બે પેપર સારી રીતે નથી લખી શકતો... તો એના ભાવિનું શું ? એની આખા વર્ષની મહેનત, ખર્ચનું શું ? કૉલેજ, યુનિ. કક્ષાએ પણ આ ત્રણ કલાકની પરીક્ષા પદ્ધતિને કારણે અસંખ્ય તેજસ્વી અને દેશનું નામ રોશન કરે એવા યુવાનોના ભાવિ બગડી ગયા છે. વળી ત્રણ કલાકમાં પ્રશ્નપત્ર લખાઈ ગયા પછી થતા એના 'મૂલ્યાંકન'નો પણ મહાપ્રશ્ન છે. માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક કક્ષાએ તો હવે કદાચ થોડું સ્તર સૂધર્યું છે. છતાંય એમાં પણ હજી ઘણું-બધું ખૂટે છે. કૉલેજના પ્રથમ અને દ્વિતિય વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના જવાબ પેપરો અને એ જોતા અધ્યાપકોની દશા પણ હાસ્યાસ્પદ હોય છે. પ્રથમ અને બીજા વર્ષની પરીક્ષાઓ પૂર્ણ થયા બાદ અધ્યાપકોને ઘેર પાંચ સો, સાત સો જેટલા પેપરો (ઉત્તરવહીઓ) તપાસવા મોકલી આપવામાં આવે છે અને સમય આપવામાં આવે છે પાંચથી સાત દિવસ. જેમાં બેથી ત્રણ દિવસ તો માર્કશીટ બનાવવામાં જાય છે. બાકીના રોજના સો-દોઢસો કે બસોના હિસાબે બધા પેપરો માત્ર જોવામાં આવે છે. અપવાદ બાદ કરતા કોઈ અધ્યાપકો પેપરો વાંચતા નથી. ટી.વી. સિરિયલ જોતા-જોતા, સમાચાર જોતા, મિત્રો સાથે, પત્ની સાથે વાતો કરતા, બાળકોને હોમવર્ક કરાવતા કે છાપું વાંચતાં વાંચતા માત્ર લાલ પેનથી પેપરોમાં લાલ લીટા કરતા અધ્યાપકો વિદ્યાર્થીઓનું ભાવિ તો બગાડે છે. પણ સાથો સાથ ઉચ્ચ શિક્ષણનું મૂલ્ય પણ ઘટાડે છે. તો વળી ગ્રેજ્યુએશન અને માસ્ટર ડિગ્રીની પરીક્ષાઓમાં પણ આજ સ્થિતિ છે. એમાં સેન્ટ્રલ એસેસમેન્ટ હોવા છતાંય અધ્યાપકોની સજ્જતાનો અભાવ, નિષ્ઠાનો પ્રશ્ન રહે છે. વળી રોજના નિયત કરેલા પચાસ કે સો પેપરો પૂરા કરવાનો રોજિંદો ક્રમ અને એક્સ્ટ્રા રૂપિયા રળવાની ભાવના વિશેષ કામ કરતી હોય છે. જે 'સરસ્વતીચંદ્ર' મહાનવલ લખતા સર્જક ગોવર્ધનરામ ત્રિપાઠીને વર્ષો લાગ્યા હોય એનો અભ્યાસ વિદ્યાર્થીએ આખું વર્ષ કર્યો હોય અને એના વિશે માત્ર ત્રણ કલાકમાં કોઈએ લખ્યું હોય એ ઉત્તરવહી તપાસતા ગુજરાતીના અધ્યાપક પાના ફેરવતા-ફેરવતા માત્ર દોઢથી બે મિનિટમાંઆખી ઉત્તરવહીમાં લાલ લીટા કરી મનમાં આવે તેટલા એવરેજ માર્કસ મૂકતા હોય છે. એ શું યોગ્ય છે ? સાહિત્યના વિષયમાં ગણિત-વિજ્ઞાન જેવું નથી કે એક વત્તા એક બરાબર બે થાય. ગુજરાતી, હિન્દી-સંસ્કૃતમાં તો કૃતિનું મૂલ્યાંકન, અર્થઘટન, શિલ્પગૂંથન, ઉદ્દેશ્ય, ભાષા, રજુઆત, શુદ્ધતા.. આ બધી બાબતો ઉપર ધ્યાન રાખવાનું હોય છે. એમાં એક એક પ્રશ્ન પાછળ ત્રણ કલાક જોઈએ એના બદલે ત્રણ કલાકમાં પાંચ-પાંચ પ્રશ્નના જવાબ લખવા જ અશક્ય છે. છતાંય વિદ્યાર્થીઓને લખવા પડે છે અને પછી અધ્યાપકો એ કૃતિનું, વિદ્યાર્થીનું એના ભાવિનું, પરીક્ષા પદ્ધતિનું મૂલ્યાંકન માત્ર દોઢથી બે મિનિટમાં કરી નાખે છે. આ બિલકુલ વાસ્તવિક-સત્ય છે. આજે ઘણાંય એવા અધ્યાપકો છે કે જેઓએ અભ્યાસક્રમની નવલકથા વાચ્યા વિના જ અભ્યાસક્રમ બદલાય ત્યાં સુધી ભણાવ્યે રાખે છે અને આ જ ક્રમ અન્ય કૃતિઓનો-અભ્યાસક્રમોનો હોય છે. આજે ઘણા એવા અધ્યાપકો છે કે જેઓ એક જ લેક્ચરમાં પાંચ-સાત કવિતાઓ ચલાવી દે છે, સમજાવી દે છે અને માત્ર એકાદ મહિનામાં જ કોર્ષ પૂરો કરીને ગૌરવ લે છે. મારી દષ્ટિએ આજના વિદ્યાર્થીઓ ઘણા સારા છે. નહિતર સાહિત્યના અધ્યાપકોને પણ પ્રશ્નો પૂછવા જોઈએ કે ગુજરાતી સાહિત્યના ઉત્તમ પાંચ કવિતાઓના નામ ? પાંચ પુસ્તકોના નામ, પાંચ વિવેચકોના નામ, પાંચ નવલકથાઓ, કાવ્યસંગ્રહો, આત્મકથાઓ, નાટ્યસંગ્રહોના નામ... પાંચ સાહિત્યિક મેગેઝિન-સામયિકોના નામ આવા સાદા પ્રશ્નોના જવાબ પણ મોટાભાગના અધ્યાપકો નહી આપી શકે ! (જાગૃત વિદ્યાર્થીઓ આ બાબત ધ્યાન પર લે)

આજે મોટાભાગની કૉલેજોમાં સીધી-નોટ ઉતરાવવાનું શરૂ કરી દેવામાં આવે છે. શરૂના એકાદ-બે મહિનામાં અભ્યાસક્રમ પૂરો કરી સીધી જ નોટ લખાવવાની પ્રથા આજે વિદ્યાર્થીઓને પણ ગમે છે પરંતુ તેઓ નથી જાણતા કે વર્ગના બધા જ વિદ્યાર્થીઓ પરીક્ષામાં એક જ પદ્ધતિએ એક જ જવાબ લખશે તો બીજાથી અલગ કેમ પડાશે? સારા માર્કસ કેવી રીતે આવશે ? મૌલિકતાનું કોઈ મૂલ્ય નહીં રહે. વળી અધ્યાપકોએ લખાવેલી નોટ્સ વિશે પણ તપાસ કરવા જેવી હોય છે. મોટાભાગના પેરેગ્રાફો ગાઈડમાંથી ઉતારેલા હશે.

(અનુસંધાન પાના નં. ૬ પર)